અપીલ અરજી નં.૧૬૭ તા.૧૨–૭–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ એન બથવાર
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ એન બથવારની તા.૨–૫–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સૈયદપુરા શાક મારકેટની સામે બેસ્ટ ચીકન નોંધ નં. ૧૨/૨૩૯૧, પાનવાલા મેડીકલ નોંધ નં. ૧૨/૨૩૯૧ તથા ૧૨/૨૭૭૯–૮૦ની પાછળ અવરજવર માટેનો જાહેર રસ્તો આવેલ છે અને તે રસ્તા પાસે મિલ્કત નોંધ નં. ૧૨/૨૭૭૫ આવેલ છે. આ મિલ્કત વચ્ચેનાં અવરજવર નાં જાહેર રસ્તાની કુલ લંબાઈ અને પહોળાઈની ફૂટ સહિતની માહિતીની નકલ આપવા વિનંતી છે. વિ. મુદ્દા નં. (૧)થી (૪)ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**–અરજદાર મજકુરની અપીલ તા.૧૨–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૬૭/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ એન બથવારની તા.૨–૫–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સૈયદપુરા શાક મારકેટની સામે બેસ્ટ ચીકન નોંધ નં. ૧૨/૨૩૯૧, પાનવાલા મેડીકલ નોંધ નં. ૧૨/૨૩૯૧ તથા ૧૨/૨૭૭૯–૮૦ની પાછળ અવરજવર માટેનો જાહેર રસ્તો આવેલ છે અને તે રસ્તા પાસે મિલ્કત નોંધ નં. ૧૨/૨૭૭૫ આવેલ છે. આ મિલ્કત વચ્ચેનાં અવરજવરનાં જાહેર રસ્તાની કુલ લંબાઈ અને પહોળાઈની ફૂટ સહિતની માહિતીની નકલ આપવા વિનંતી છે. વિ. મુદ્દા નં. (૧) થી (૪)ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન)ના પત્ર નં.સી.ઝેડ/ આરટીઆઈ / આઉટ/ ૩૨૦ તા. ૧૮–૬–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૨– ૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબત હેઠળની મિલ્કતના પ્લાન મંજુરી ના મંજુરી અંગે દફતરી હકીકત પણ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૧૭ તા.૨૦–૭–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને તેમની અપીલમાંની રજુઆત મનાઈ હુકમ આપવા, રોકવાની રજુઆત સામે કલમ–૨(એફ) હેઠળ માહિતી શું જોઈએ છે તે સ્પષ્ટ કરવા તથા તકરાર નિવારણ માટે લાગત સક્ષમ સત્તાને રજુઆત કરવા જણાવતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૬૬૦ તા.૨૭–૭–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૨૦ તા.૧૮–૬–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. પરંતુ બાબત હેઠળના મિલ્કતના પ્લાન મંજુરી/ ના મંજુરી અંગેની દફતરી હકીકતની વિગતો વિશે કોઈ સ્પષ્ટતા કરેલ નથી. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨–૫–૧૧ ની અરજીથી સૈયદપુરા મિલ્કત નોંધ નં.૧૨/૨૭૭૫ ના બાંધકામ બાબતે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેરમાહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૨૦ તા.૧૮–૬–૧૧ થી નિયત સમય અવધિ બાદ અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જે અંગે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અરજદારે તા.૧૨–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારની મુળ અરજીના નં.(૧) સૈયદપુરા શાક મારકેટની સામે બેસ્ટ ચીકન નોંધ નં. ૧૨/૨૩૯૧, પાનવાલા મેડીકલ નોંધ નં. ૧૨/૨૩૯૧ તથા ૧૨/૨૭૭૯–૮૦ની પાછળ અવરજવર માટેનો જાહેર રસ્તો આવેલ છે અને તે રસ્તા પાસે મિલ્કત નોંધ નં. ૧૨/૨૭૭૫ આવેલ છે. આ મિલ્કત વચ્ચેનાં અવરજવરનાં જાહેર રસ્તાની કુલ લંબાઈ અને પહોળાઈની ફૂટ સહિતની માહિતીની નકલ આપવા વિનંતી છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતે ઝોન ઉપર આવીને સાંજે ૨.૦૦ થી ૫.૦૦ દરમ્યાન રૂબરૂ આવી રેકર્ડની ચકાસણી કરી જવી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) સદર નોંધ નંબર ૧૨/૨૭૭૫ મિલ્કતનો આગળ પાછળનો અને વચ્ચેની લંબાઈ વાળો ભાગ કાયદેસર માર્જીનમાં કપાતમાં જતો હોય જે ભાગની ફુટ સહિત માહિતીની નકલ આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનનો ઉપલબ્ધ રેકર્ડ જોતાં રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી

તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) સદર નોંધ નંબર૧૨/૨૭૭૫ ના માલીકે સદર મિલ્કતને ધરાસાય કરી દીધેલ છે અને આરસીસી સ્લેબ, પ્લીન્થ સાથેના પાકા આરસીસી બાંધકાના પ્લાનની ફકત મંજુરીની રજાચિઠ્ઠીની માહિતીની નકલ આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનનો ઉપલબ્ધ રેકર્ડ જોતાં પ્લાન મંજુરી અંગેની કોઈ વિગતો જણાતી નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) સદર નોંધ નં.૧૨/૧૨૭૫ સદર મિલ્કતને હવે રીપેરીંગની મંજુરી આપી શકાય તેમ નથી અને આપેલ હોય તો તે અંગે માહિતીની નકલ આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનનો ઉપલબ્ધ રેકર્ડ જોતાં રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી તેવું જણાવેલ છે. આમ અરજદારે અપીલમાં ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આપેલ છે તેવું જણાવેલ છે. વધુમાં અરજદારને જાહેર માહિતી અધિકારીએ સદર રેકર્ડની ઉપલબ્ધ ન હોવાની ચકાસણી આપવાની પણ તૈયારી દર્શાવેલ છે. આથી અરજદારને દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે મિલ્કતધારક પૂરજોશમાં બાંધકામ કરી રહયા હોવાની જેનાથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. આથી અરજદારની નારાજગી માહિતી સબંધે નહીં પરંતુ થઈ રહેલ બાંધકામને લગતી છે. જે કાર્યવાહીને લગતી બાબત છે. જે અંગે અરજદારને અપીલ તબકકે પણ પત્ર પાઠવી અપીલમાંની રજૂઆત મનાઈ હુકમ આપવા , રોકવાની રજૂઆત તેમજ માહિતી શું જોઈએ છે તે સ્પષ્ટ કરવા તથા તકરાર નિવારણ માટે લાગત સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા જણાવવામાં આવેલ છે. પરંતુ અરજદાર તરફથી તે અંગે અપીલ તબકકે કોઈ પૂરક વિગતો રજૂ થયેલ નથી. આમ અરજદારને માહિતી સંદર્ભે દફતરી વિગતો આપવામાં આવેલ છે. અરજદારની ફરીયાદની, કાર્યવાહી બાબતેની રજૂઆત સક્ષમ સત્તાને કરવાની રહે.

## હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨–૫–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવા તપાસણીનો પ્રસ્તાવ કરેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ,અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. બાંધકામને લગતી ફરીયાદની કાર્યવાહી બાબતેની રજૂઆત અંગે અરજદાર સક્ષમ સત્તાને અલાયદી કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન ), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી
....જાણ તથા અમલ માટે.

(૨) શ્રી નરેશભાઈ એન બથવાર